# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-01-2025** **MORNING : 7.45 to 7.55**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી રાષ્ટ્રીય યુવા દિવસ નિમિતે ભારતમંડપમ ખાતે વિકસિત ભારત યુવા નેતાઓ સાથે સવાંદ કરશે.
2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે, 2047 સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવામાં યુવાનો મહ્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે
3) દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ 29 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી
4) દેશનો આર્થિક વિકાસ દર વર્ષ 2025ના છેલ્લા છ માસમાં વધીને 6.7 ટકા થવાની સંભાવના
5) મહિલા ક્રિકેટમાં, ભારત અને આયર્લેન્ડ વચ્ચે ત્રણ મેચની ODI શ્રેણીની બીજી મેચ આજે ગુજરાતના રાજકોટમાં રમાશે

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM---YOUNG-LEADERS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ એ દેશના યુવાનોને રાષ્ટ્રની વિકાસ યાત્રામાં સામેલ કરવા માટે એક અનોખી પહેલ છે. રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2025 અને વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદ પર યુવા બાબતો અને રમતગમત રાજ્ય મંત્રી રક્ષા ખડસે દ્વારા લખાયેલ લેખ રજૂ કરતા શ્રી મોદીએ કહ્યું કે, આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય યુવાનોમાં ઉર્જા, સર્જનાત્મકતા અને ગતિશીલતાનો ઉપયોગ કરવાનો છે જેથી તેઓ વિકસિત ભારતના સ્વપ્ન અને નેતૃત્વને દિશા પૂરી પાડી શકે.

આજે, રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે, પ્રધાનમંત્રી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વિકસીત ભારત યુવા નેતાઓ સંવાદમાં ભાગ લેશે. અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે, શ્રી મોદી દેશભરના ત્રણ હજાર યુવા નેતાઓ સાથે વાતચીત કરશે.

. . . . . . . . . . . . . . . .

# RASTRIYA YUVA DIVAS

આજે 12 જાન્યુઆરી એટલે રાષ્ટ્રીય યુવા દિવસ છે. ભારતીય સંસ્કૃતિના મહાનાયક સ્વામી વિવેકાનંદના જન્મ દિવસને પ્રતિ વર્ષ રાષ્ટ્રીય યુવા દિવસ

તરીકે ઉજવવામાં આવે છે. 12 જાન્યુઆરી 1863ના રોજ જન્મેલા નરેન્દ્રનાથને તેમના ગુરૂ સ્વામી રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદ નામ આપ્યું હતું. 30 વર્ષની ઉંમરે અમેરિકાના શિકાગોમાં વિશ્વ ધર્મ પરિષદમાં ઐતિહાસિક વ્યાખ્યાન દ્વારા ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડી દુનિયામાં ભારતનું નામ તેમણે રોશન કર્યું. ઉઠો જાગો અને ધ્યેયને વળગી રહો જેવું સૂત્ર આપનાર અને યુવાનોના પ્રેરણામૂર્તિ સ્વામી વિવેકાનંદને શત શત નમન..

. . . . . . . . . . . . . . . .

# BJP-CANDIDATE-SECOND-LIST

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટીએ 29 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. ભૂતપૂર્વ ધારાસભ્ય કપિલ મિશ્રાને કરાવલ નગરથી, હરીશ ખુરાનાને મોતી નગરથી અને તાજેતરમાં આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં જોડાયેલા પ્રિયંકા ગૌતમને કોંડલીથી ટિકિટ આપવામાં આવી છે.

આ પહેલા પાર્ટીએ 29 ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી હતી. કુલ ૭૦ વિધાનસભા બેઠકોમાંથી, ભાજપે અત્યાર સુધીમાં ૫૮ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે.

. . . . . . . . . . . . . . . .

# ECONOMIC OUTLOOK- HDFC CHAIRMAN

દેશનો આર્થિક વિકાસ દર વર્ષ 2025ના છેલ્લા છ માસમાં વધીને 6.7 ટકા થવાની સંભાવના છે. જો કે આ હેતુથી વાજબી ભાવે આવાસ માટે તેમજ માળખાકીય સુવિધાઓના વિકાસ ઉપર ધ્યાન આપવું પડશે. એચડીએફસીના ભૂતપૂર્વ અધ્યક્ષ દિપક પારેખે UAE ની વેપાર અને વ્યવસાયિક પરિષદ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં બોલતાં આ મુજબ જણાવ્યું હતું.

શેરબજારમાં દેશના રોકાણકારો અને સંસ્થાઓ દ્વારા ઝડપથી વધી રહેલા રોકાણનો અને જાહેર ક્ષેત્રની બેન્કો દ્વારા ધિરાણ વસુલાત ક્ષેત્રે કરેલા સુધારાનો ઉલ્લેખ કરીને શ્રી પારેખે દેશનો આર્થિક વિકાસ વધુ ઝડપી બનશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

દુબઇ ખાતેના ભારતના કોન્સ્યુલ જનરલ સતીષ સીવાને ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે મજબૂત બની રહેલા દ્વિપક્ષીય વેપાર સંબંધો અંગે સંતોષ વ્યક્ત કરીને જણાવ્યું હતું કે આ વેપાર 85 અબજ અમેરિકી ડોલરને આંબી ગયો છે. તેમણે બંને દેશો વચ્ચે ઊર્જા ક્ષેત્રે થયેલી સમજૂતીઓ અને ડિજીટલ ચુકવણી વ્યવસ્થાનો આરંભ અંગે વિગતો આપી હતી.

. . . . . . . . . . . . . . . .

# ASHWINI-VAISHNAW---PUNE

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે ભાર મૂક્યો છે કે, 2047 સુધીમાં ભારતના ભવિષ્યને આકાર આપવા માટે માળખાગત સુવિધાઓ, ઉત્પાદકતા,

કાયદાકીય સુધારા અને સમાવેશી વિકાસમાં રોકાણ ચાવીરૂપ બનશે. તેઓ ગઈકાલે ગોખલે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇકોનોમિક્સ ખાતે આયોજિત પુણે પબ્લિક પોલિસી ફેસ્ટિવલના સમાપન સમારોહમાં બોલી રહ્યા હતા. તેમના સંબોધન દરમિયાન, શ્રી વૈષ્ણવે પ્રેક્ષકો સાથે વાતચીત કરી, જેમાં વિકસિત ભારતના ચાર સ્તંભો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. તેમણે ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી પ્રગતિ પર પણ પ્રકાશ પાડ્યો.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

. . . . . . . . . . . . . . .

# MP-YUVA-SHAKTI-MISSION

રાષ્ટ્રીય યુવા દિવસે આજે મધ્ય પ્રદેશમાં યુવાનો માટે મહત્વાકાંક્ષી સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ મિશન શરૂ કરવામાં આવી રહ્યું છે. આ મિશનનો ઉદ્દેશ્ય રાજ્યના યુવાનોને તેમના કૌશલ્ય, જ્ઞાન અને સર્વાંગી વિકાસ માટે તકો પૂરી પાડીને સશક્ત બનાવવાનો છે.

"સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ મિશનનું સૂત્ર સંવાદ – સામર્થ્ય - સમૃદ્ધિ એટલે સંવાદ શક્તિ અને સમૃદ્ધિ. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે જણાવ્યું હતું કે, આ

મિશનને પ્રધાનમંત્રીના જ્ઞાન પર ધ્યાનના મંત્ર અને મધ્યપ્રદેશની યુવા નીતિને ધ્યાનમાં રાખીને આકાર આપવામાં આવ્યો છે.

આ મિશન શહેરી અને ગ્રામીણ, પછાત અને સામાજિક-આર્થિક રીતે નબળા વર્ગના યુવાનોના કલ્યાણ માટે છે. તે મહિલાઓ, દિવ્યાંગ, યુવાનો અને ખેડૂતોને સશક્ત બનાવવાનો પ્રયાસ કરે છે.

. . . . . . . . . . . . . . . .

# REV.-WOMEN-CRICKET-ODI

મહિલા ક્રિકેટમાં, ભારત અને આયર્લેન્ડ વચ્ચે ત્રણ મેચની ODI શ્રેણીની બીજી મેચ આજે ગુજરાતના રાજકોટમાં રમાશે. આ મેચ સવારે ૧૧ વાગ્યે શરૂ થશે. પહેલી મેચમાં ભારતે આયર્લેન્ડ સામે છ વિકેટે વિજય મેળવ્યો હતો. આમાં પ્રતીકા રાવલને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી. શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ 15 જાન્યુઆરીએ રમાશે.

. . . . . . . . . . . . . . . .

# HAJ - PROVISIONAL SEATS

ભારતીય હજ સમિતિ દ્વારા વર્ષ 2025ની હજ યાત્રા માટે ગઇકાલે જાહેર કરાયેલી બીજી પ્રતિક્ષા યાદીમાં વિવિધ રાજ્યોમાંથી મળેલી હજ યાત્રાની 3 હજાર 676 અરજીઓના આધારે હંગામી બેઠકોની ફાળવણી કરવામાં આવી છે. લઘુમતી બાબતોના મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે સંબંધિતોએ આગામી

23મી જાન્યુઆરી સુધીમાં હજ યાત્રા માટેના બે લાખ 72 હજાર 300 રૂપિયા જમા કરાવવાના રહેશે. એવી જ રીતે અરજદારોએ જરૂરી દસ્તાવેજો પણ રજૂ કરવા પડશે.

ઉલ્લેખનીય છે કે ભારતીય હજ સમિતિ આ વર્ષે એક લાખ 22 હજાર ભાવિકોને હજ યાત્રાએ મોકલશે.

. . . . . . . . . . . . . . . .

## MUMBAI- PIYUSH GOYAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ગઈકાલે મુંબઈમાં મલાડ પશ્ચિમના મીથ ચોકી ખાતે ટી-આકારના ફ્લાયઓવરના દક્ષિણ ભાગનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે બોલતા, શ્રી ગોયલે મલાડના રહેવાસીઓ અને નજીકના વિસ્તારોના લોકો માટે ટ્રાફિક સરળ બનાવવા માટે ફ્લાયઓવરના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે આ પ્રોજેક્ટને જાહેર કલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાનું પ્રતીક ગણાવ્યું, કહ્યું કે તે હજારો મુસાફરો માટે ટ્રાફિક ભીડ ઘટાડશે અને સંપર્ક વધારશે.

. . . . . . . . . . . . . . . .

## REV.-UTTRAKHANDI-PRAVASI-SUMMIT

આજે દેહરાદૂન ખાતે આંતરરાષ્ટ્રીય પ્રવાસી ઉત્તરાખંડી સમિટનું આયોજન થઈ રહ્યું છે, જેમાં મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પરેડ ગ્રાઉન્ડ ખાતે આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, 17 દેશોના 60 થી વધુ પ્રવાસી ઉત્તરાખંડીઓએ દિવસભર ચાલનારા આ સમિટમાં ભાગ લેવા માટે નોંધણી કરાવી છે.

. . . . . . . . . . . . . . . .

# UP-RAJNATH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે કે, 2047 સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવામાં યુવાનો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. દેશની તાકાત યુવાનોના જ્ઞાન, કૌશલ્ય અને દૃઢ નિશ્ચયમાં રહેલી છે.

તેમણે કહ્યું કે, યુવાનોની નવી વિચારસરણી અને તેમની કાર્યશૈલી ભારતને વિશ્વમાં એક નવી ઓળખ આપશે. શ્રી સિંહે ગઇકાલે મેરઠ સ્થિત IIMTT યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં બોલી રહ્યા હતા ...

## (Byte –રાજનાથસિંહ)

. . . . . . . . . . . . . . . .

હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

હવે જોઇએ અખબારોના મુખ્ય સમાચાર

- આજે તમામ અખબારોએ અલગ અલગ સમચારને હેડલાઇન્સ સ્વરૂપે પ્રકાશિત કર્યા છે.. જેમાં અમેરિકામાં તોફાનને કારણે વિનાશ, કેગના રિપોર્ટમાં દિલ્હી સરકારની શરાબ નીતિને કારણે નુકસાન, ભારતનુ અર્થતંત્ર 2025માં નબળુ પડે તેવી આઇએમએફે શક્યતા દર્શાવી જેવા સમાચાર જોવા મળી રહ્યાં છે.

- દૈનિક સંદેશે- અમેરિકામાં કુદરત રૂઠી, ફરી બરફનું તોફાનના સમાચાર મુખ્ય બનાવ્યાં છે.. નવગુજરાત સમયે 2025માં ભારતીય અર્થતંત્ર થોડું નબળુ રડશેઃ આઇએમએફનુ અનુમાનના સમાચાર મુખ્ય છે.
- દિવ્ય ભાસ્કરે મહાકુંભ મેળાનો વિશેષ અહેવાલ રજૂ કર્યો છે
- ગુજરાત દૈનિક ફૂલછાબ અને હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા તેમજ અંગ્રેજી અખબાર ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે કેગના રિપોર્ટમાં દિલ્હી સરકારની શરાબ નીતિને કારણે થયેલા નુકસાનના સમાચાર હેડલાઇન્સમાં લીધા છે.